સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની
યાદીમાં નવી જાતિઓ ઉમેરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૦૭/૭૩૫/અ
સચિવાલય, ગાંધીનગર
તારીખ – ૨૨-૮-૦૭

સંદર્ભઃ– આ વિભાગના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૦૫/મુ.મ.૧૯–અ તા.૯/૫/૦૭

ઠરાવ :–

આ વિભાગના સંદર્ભમાં નિર્દિષ્ટ તા.૯/૫/૦૭ ના ઠરાવથી કુલ સાત નવી જાતિઓનો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં સમાવેશ કરવામાં આવેલ જેમાં ક્રમાંકઃ૧૩૯ ઉપર 'નાગરચી' જ્ઞાતિનો સમાવેશ કરવામાં આવેલ છે. ગુજરાતી ભાષામાં આ જ્ઞાતિના ઉચ્ચાર પરત્વે પ્રમુખશ્રી ગુજરાત રાજ્ય નગારચી જ્ઞાતિ મંડળે કરેલ તા.૨૩/૫/૦૭ ની રજુઆત સંદર્ભે અન્ય પછાતવર્ગોના પંચશ્રીનો અહેવાલ મંગાવેલ જેમાં પંચશ્રી ધ્વારા અંગ્રજીમાં રજૂ કરાયેલ અહેવાલમાં NAGARACHI જ્ઞાતિને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં સમાવેશ કરવા ભલામણ કરાયેલ હતી. NAGARACHI જ્ઞાતિનો ગુજરાતી માં ઉચ્ચાર 'નગારચી' થાય છે તેમજ પંચ તરફથી થયેલ સર્વેક્ષણ સર્વે અને દસ્તાવેજી પુરાવા તમામ 'નગારચી' જ્ઞાતિના છે એમ પંચ ધ્વારા સ્પષ્ટતા કરવામાં આવેલ છે. પંચશ્રીની ઉકત સ્પષ્ટતા ધ્યાને લેતાં વિભાગના તા.૯/૫/૦૭ ના ઠરાવમાં ક્રમાંકઃ૧૩૯ 'નાગરચી' જાતિનો ઉલ્લેખ છે ત્યાં 'નાગરચી' ને બદલે **'નગારચી'** વંચાણે લેવા આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.ડી.જાડેજા)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
–માન.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
–માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
–માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
–સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

PTO

–સામાન્ય વહીવટ વિભાગ,(કેબીનેટ શાખા–૨) નકલ,સચિવમાલય, ગાંધીનગર.
–સચિવાલયના સર્વે વિભાગો.
–માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર આ બાબતને બહોળી પ્રસિધ્ધ
આપવાની વિનંતી સહ.
–સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બં.નં.૨૨૮/એ/ખ,સં.નં.૧૯, ગાંધીનગર
–સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ તથા
બોર્ડ/કોર્પોરેશન.
–સર્વે કલેકટરશ્રીઓ (તાબાના અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
–સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તાબાના અધિકારીઓને પરિપત્રિત કરવાની
વિનંતી સહ)
–વિભાગની તમામ શાખાઓ.
–નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
–જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ,અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ/
ભાવનગર/જામનગર/જૂનાગઢ/સાબરકાંઠા/ગાંધીનગર
–સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (વિ.જા)
–<u>સિલેકટ ફાઈલ</u>
**×પત્ર ધ્વારા**

ટીઆરવી–૦૭–૨૭